


## સલામી સવારની..

*તૂટે તાટસ્થ્ય, કરે ન્યાય, વિશ્વાસ આવે ક્યાંથી ?*
*સાવકી માં ના દંભી પ્રેમમાં - વિશ્વાસ આવે ક્યાંથી ?*
*જીભે ઝેર, હૃદયે વેર એમાં વિશ્વાસ આવે ક્યાંથી ?*
*મૂળ ઊંડા પક્ષે હોય એમાં વિશ્વાસ આવે ક્યાંથી ?*
*(અવિશ્વાસ દરખાસ્ત)*

હાઈકુ

*માંડી ન શકો!*
*હવે આબાર વિના -*
*ડગ કે પગ !?*
*(સુપ્રીમ - ચિંતા)*

*દાટો ઘરમાં -*
*ને બેન્કો કરો બંધ -*
*નાણા સુરક્ષા -*
*(રોજનું એક નવું કૌભાંડ)*

### ચિંતન

*દાતા ન દાપયતિ દાપયિતા ન દત્તે, યો દાનદાપનપરો મધુરં ન વક્તિ ।*
*દાનં ચ દાનપમથો મધુરા ચ વાણી, ત્રાણ્યપ્યમૂનિ ખલુ સત્પુરુષે વસન્તિ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જે દાતા છે, તે પોતે આપે છે, પણ અપાવતો નથી. જે અપાવે છે તે પોતે આપતો નથી અને જે પોતે આપે છે અને અપાવે છે, તે મધુર વાણી બોલતો નથી પરંતુ આપવું, અપાવવું અને મધુર વાણીથી બોલવું એ ત્રણેય ગુણો સત્પુરુષોમાં વસે છે.

જે હૃદયથી ઉદાર છે એન જરૂરિયાત મંદ હૃદયથી જ દેખાઈ જાય છે.

દાન આપનાર - અપાવનાર અને મધુરવાણીથી આશ્વાસન આપનાર એ સજ્જન અને સદ્‌ગુણી છે.

### સુવિચાર

- વિદ્યા, રાજય અને ધર્મએ ત્રણે યોગ્ય મનુષ્યને જ અપાય - **જનકલ્યાણ**
- અમૃતમાંથી વિષ પેદા થઈ શકે નહિ, અને ચંદ્રના બિંબમાંથી અગ્નિ વરસે નહિં, તે જ રીતે સાધઉના મુખમાંથી કદી નિંદા નીકળે નહિ - **જૈન સૂત્ર**
- વિશ્વ વિજયી પર જ વિશ્વાસ કરે છે, જે વ્યક્તિના ચહેરા પર વિજયના ભાવ ઝલકતા જોવા મળે છે, તેને જ લોકો વિશ્વાસભરી નજરે જુએ છે- **ડેલ કાર્નેગી**
- અસફળતાના વિચારથી સફળતા ઉત્પન્ન થવી એ બાવળના વૃક્ષ ઉપર ગુલાબ ઉગાડવા જેટલું અસંભવ છે - **સ્વેડ મોર્ડન**
- માનવી એટલો જ મહાન બનશે, જેટલો એ પોતાના આત્મામાં સત્ય, ત્યાગ, દયા, પ્રેમનો વિકાસ કરશે - **મુંબઈ સમાચાર**
- પથ્થર સાથે કાચ અથડાય, ત્યારે હંમેશા કાચ તૂટે એ જરૂરી નથી, કયારેક પથ્થર પર તૂટે છે - **ઈગ્બેનૂર**
- આજનું ઔષધ : અપચો મંદાગ્નિમાં લીંડી પીપરનું ચૂર્ણ મધમાં મેળવી લેવાથી ભૂખ લાગે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચાર વર્ષની કુમળી દીકરીને પક્ષાઘાત થયો. એક પગ ખોડો પડી ગયો. માતા-પિતાએ ખૂબ કાળજી કરી સેવા કરી. પૈસા પાણીની જેમ વાપર્યા. એક વર્ષમાં દીકરી સાજી થઈ ગઈ. હરતી-ફરતી થઈ ગઈ. પણ તેના ડાબા પગમાં કાયમી ખોડ રહી ગઈ. કાખઘોડી વગર એક ડગલું પણ આગળ ન વધી શકે તેવી પરવશ સ્થિતિ થઈ ગઈ.

આમ છતાં તે બિલકુલ હતાશ ન થઈ. માતા-પિતાના આપેલા આત્મવિશ્વાસના સહારે ધીમે દીમે શાળાએ જતી થઈ. વર્ગમાં સૌ તેને લંગડી કહીને ચીડવતાં, કોઈ તેની સાથે રમવા કે સરખી રીતે વાત કરવા તૈયાર ન હતું. છતાં તે હિંમત ન હારતી અને પોતાની જાતને શારીરિક તથા માનસિક રીતે મક્કમ બનાવે જતી હતી.

એક દિવસ એક ટીખળી છોકરાએ તેને કહ્યું, ‘અમે જયારે લંગડી રમીશું ત્યારે તને રમાડીશું, પણ તારે દાવ તો દેવો જ પડશે.’ ત્યારે તેણે નિર્ધાર કર્યો કે હું શારીરિક રીતે અક્ષમ છું એ લોકો ભૂલી જાય એવું કંઈક કરવું અને સાબિત કરવું કે હું પણ મનથી મક્કમ તથા આત્મવિશ્વાસથી ભરેલી છું.

થોડા જ વખતમાં તે બાળકીએ કઠોર પરિશ્રમ કરી કાખઘોળી વગર ચાલતી શીખી. પછી દોડવા તથા કુદવાનો અભ્યાસ કર્યો. રોજના કઠોર પરિશ્રમથી નવી ચેતના પ્રગટી. પણ હજી થોડો લંગડાતો હતો તેમ છતાં તેણે ૧૯૦૬ની ઓલિમ્પિક સ્પર્ધામાં ભાગ લઈ ત્રણ સુવર્ણચંદ્રકો મેળવ્યા. અશક્યને શક્ય બનાવનાર આ કિશોરી એટલે વિલ્મા ગોલ્ડીન રુડોલ્ફ.

# હવે, શરમજનક ઘટનાઓ અટકાવીએ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત વિધાનસભાની ‘શરમજનક’ કે ‘લોકશાહીનું વસ્ત્રાહરણ’ અથવા ‘લોકશાહીને કલંકરૂપ’ ઘટના પછી આખરે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે. શાસક પક્ષ અને વિરોધ પક્ષ બંનેએ ભરપૂર તકરાર, સંઘર્ષ, લડાઈ કર્યા પછી આખરે પોતાનાં હથિયાર હેઠાં મૂકી દીધાં છે.

ઘટના પૂર્ણ થઈ ગઈ છે, પરંતુ ચર્ચા હજુ શમી નથી. અને ચર્ચા શમવી જોઈએ પણ નહીં.

અને ચર્ચા એટલા માટે ન શમવી જોઈએ કે જેથી કરીને આવી ઘટનાઓ કે દુર્ઘટનાઓ ફરી-ફરીને ન બને.

વિધાનસભા ગૃહ એ લોકશાહીની લાજ છે, લોકશાહીની ધોરીનસ છે. ત્યાં જ આવી ઘટનાઓ બને તો રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા કે શાંતિની વાતો કેવી રીતે વિચારી શકાય ?

ઘટના શું હતી, એ માટે કોણ જવાબદાર હતું, એ માટેનાં કારણો શું હતાં અને એ વાત ક્યાંથી ઊભી થઈ એ બધા જ સવાલો કરતાં અગત્યનો સવાલ એ છે કે વિધાનસભા ગૃહમાં જે ન થવું જોઈએ એવું વર્તન થયું.

વિધાનસભામાં પ્રજાના પ્રતિનિધિઓ બેસે છે, એવા પ્રતિનિધિઓ જેમને પ્રજા ચૂંટીને મોકલે છે. આ પ્રતિનિધિઓએ પ્રજાના પ્રશ્નોની ચર્ચા અહીં કરવાની હોય છે, એમની સુખાકારી, સગવડ, શાંતિ અને એમના માટે જરૂરી એવી વ્યવસ્થાની ચર્ચા-વિચારણાઓ કરવાની હોય છે. અને આ બધું જ કરતી વખતે એ વાતનું પણ ખાસ ધ્યાન રાખવાનું હોય છે કે આ કાર્યવાહી ઉપર પ્રજાની નજર છે. પ્રજા માટે આ કાર્યવાહી થઈ રહી છે અને પ્રજા એ જોઈ પણ રહી છે એ વાત પણ એટલી જ સાચી છે. અને એટલી જ સાચી એ વાત છે કે પ્રજા પોતાના જે પ્રતિનિધિઓને ચૂંટીને વિધાનસભામાં મોકલે છે તે પ્રતિનિધિઓને પોતાના આદર્શ કે પ્રેરણામૂર્તિ પણ માને છે. અને માત્ર એમના દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી જ નહીં, પરંતુ એમની વાણી, એમનું વર્તન અને એમના દ્વારા કરાતી ટીપ્પણીઓ પણ સામાન્ય લોકો માટે માર્ગદર્શક હોય છે અથવા તો એની અસર સામાન્ય લોકો ઉપર પડે છે. એમની એકેએક ગતિવિધિ ઉપર લોકોની નજર હોય છે, ધ્યાન હોય છે અને લોકો એની નોંધ પણ લેતા હોય છે. એ જ કારણે વિધાનસભામાં જતા પ્રતિનિધિએ બહુ સાવધ રહેવાનું હોય છે. ઉપરાંત આ સઘળો સમય તેણે લોકોનાં કામો માટે આપવાનો હોય છે.

પરંતુ, થાય છે એવું કે લોકો દ્વારા ચૂંટાઈને વિધાનસભામાં પહોંચ્યા પછી લોક પ્રતિનિધિઓ જાણે પ્રજાને ભૂલી જાય છે. ચર્ચાઓ તો થાય છે પરંતુ એ ચર્ચાઓ વખતે પોતાની મહત્તા સિદ્ધ કરવા માટે કે પોતાનું પ્રભુત્વ જમાવવા માટે ન કરવા જેવાં કામો કે ન કરવા જેવાં વર્તનો કરવાં માંડે છે.

સામાન્ય લોકોને કદાચ એ વાતની જાણ નથી હોતી, પરંતુ ધારાસભ્યો ચૂંટાઈને વિધાનસભા ગૃહમાં જાય એ પહેલાં એમને વિધાનસભા ગૃહમાં કેવી રીતે વર્તવું, કેવી રીતે સવાલો કરવા, કેવી રીતે જવાબો આપવા અને કઈ કઈ બાબતો વિધાનસભામાં ટાળવી એ સઘળી બાબતોનો ખ્યાલ આપવામાં આવે છે, એ માટે એક દિવસની તાલીમ પણ આપવામાં આવે છે. પરંતુ, એ બધી જ બાબતોનો આખરે કોઈ અર્થ રહેતો નથી અને આવી શરમજનક ઘટનાઓ વિધાનસભામાં બનતી જ રહે છે.

આખરે શું મહત્ત્વનું છે ? પોતાનું મહત્ત્વ, પોતાનું પ્રભુત્વ, પોતાના જ નિર્ણયો, પોતાની જ વાત કે આખરે પ્રજાની વાત ?

શાસક પક્ષ જે કરે તે સારું અને વિરોધ પક્ષે સાચી વાતનોય વિરોધ કરવો જ એવું કોણે કહ્યું ? આખરે વાત પ્રજાના હિતની છે, વિધાનસભા ગૃહમાં જે મુખ્યતઃ કામ થવું જોઈએ એ પ્રજા માટે થવું જોઈએ. બીજાં કામો અહીં ન થાય કે પ્રજા જે જોઈને શરમ અનુભવે એવાં વર્તન ન થાય એટલી ગરિમા તો સૌએ જાળવવી જ રહી.

# માફ કરજો સાહેબ... નાના મોઢે મોટી વાત મારાથી થઈ ગઈ




ઘણા સમય બાદ નાનકડાં શહેરમાંથી તેમની બદલી પાટનગરની હેડ ઑફિસમાં થઈ હતી. અહીં આવીને તેમણે ઑફિસની કામગીરી સંભાળી. કયાં પેલી જૂની ઑફિસ જેની ભીંતો પરથી ચૂનો ઉખડી ગયેલો, છત ઉપરથી ઘણી વખત પ્લાસ્ટર તૂટીને ટેબલ પર પડતું, ખખડધજ જેવું ફર્નિચર, ખડખડ અવાજ કરતો પંખો અને જુનો ખડુસ સ્ટાફ તેમજ બારી બહાર જૂઓ તો ઝાડી ઝાંખરાનું જંગલ જ જોઈ લો.

નવી ઑફિસનો લૂક બિલકુલ કોર્પોરેટ ઑફિસ જેવો, ચમકારા મારતી ટાઈલ્સ, આધુનિક ફર્નિચર, દિવાલો પર ડિસ્ટેમ્બર, કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની સુવિધા. યુવાન અને એકદમ આજ્ઞાકારી કર્મચારીઓ ઑફિસનો આ નવો મહાલો તેમને ખુબ જ પ્રભાવિત કરી રહ્યો હતો. બારી બહાર જોતાં સુંદર બગીચો દેખાતો.

ઘણા દિવસો સુધી તેઓ પહેલાંવાળા શહેરની ઑફિસ અંગે વિચારતા રહ્યા. તુલના કરીને અહીંના માહોલને વખાણતા રહ્યા. ભગવાનની કૃપા જ કહેવાય. કેવું સ્વસ્થ, સુંદર અને સ્વચ્છ વાતાવરણ છે તેમાં તરોતાજા થઈ જવાય છે.

પેલા શહેરની ઑફિસથી સાંજે જયારે તેઓ ઘરે પહોંચતા ત્યારે ચીડાતા રહેતા હતા. બાળકોને અવારનવાર ધમકાવતા અને પત્નીથી પણ મોં ફેરવી લઈ ઉપેક્ષા કરતા.

સાહેબ... સાહેબ... કહેતો અહીંનો પર્સનલ પટાવાળો ખુબ જ શિસ્ત પૂર્વક તેમની સામે આવતો હતો. જયારે પેલા શહેરનો ચપરાશી રામપ્રસાદ ખૂબ જ રૂખો હતો. પણ મોટા સાહેબ તેના માટે એવું વિચારતા કે જવા દો જેવો છે તેવો પણ આપણી નાતનો તો છે. ચ્હા... પાણી કે નાસ્તો તેના હાથે કરવાનું તેમને ઠીક લાગતું હતું.

આ ઑફિસનો પટાવાળો પાણીનો ગલાસ ભરી મુકી જતો... મોટા સાહેબ તે પીતા નહીં. ચ્હા લઈ આવતો તે એમ ને એમ ઠંડી થઈ જતી. સાહેબ તેની સામે પણ જોતા નહીં.

કાલે જયારે પટાવાળો મનહર ફાઈલો લઈને આવ્યો ત્યારે ફાઈલોની સાથે તેના હાથમાં એક નાનું પુસ્તક પણ હતું. સાહેબે પૂછ્યું, ‘તારા હાથમાં આ શું છે ?’

‘ગીતા છે સર...’

‘અરે ! મનહર તું તો બહુ ધાર્મિક વિચારો ધરાવે છે ને...’

મનહર હસી પડ્યો, સાહેબ તરફ ધ્યાનથી જોઈ રહ્યો.

‘અરે, મનહર મને એક વાત કહે...’

મનહર ફરી હંસી પડ્યો.

‘હાં... હાં... બોલો સર...’

‘અરે, ભાઈ તું કઈ નાતનો છે,’ મનહરે તેમની વાત પુરી કરી. સાહેબ તેને ઉપરથી નીચે સુધી જોતા રહ્યા.

‘તમે એ જ પૂછવા માંગતા હતા ને...? જયારથી તમે અહીં હાજર થયા છો ત્યારથી હું જોઉં છું કે તમે મારી લીધેલી ચ્હા... કે પાણી પીધું નથી. સર, હું બધું સમજી ગયો હતો.’

‘સર... નાત જાતમાં શું હોય છે...’ ખુબ જ વિનમ્રભાવે તે કહી રહ્યો હતો. કે માણસ પોતાના વિચારોથી જ મોટો બને છે. સર પાણી તો કુદરતની અણમોલ ભેટ છે. તે બાબતે વધારે તો હું શું કહું... મનહરે હાથ જોડી લીધા.

‘માફ કરજો સાહેબ નાના મોઢે મોટી વાત મારાથી થઈ ગઈ.

મોટા સાહેબ આશ્ચર્યમાં પડી ગયા.

# હાઈ-ફાઈ લાઈફનું પેશન અને વૈદેહીની વ્યથા-કથા




“વૈદેહી, તારા રોજરોજના ખર્ચા અને માગણીઓથી તો હું કંટાળી ગયો છું. આ શું માંડ્યું છે તેં?” મયંક આજે બરાબરનો અકળાયો હતો.

“તો પછી મને પ્રેમ જ નહોતો કરવો ને?” વૈદેહી પણ આજે જાણે કે વિફરી હતી: “– ત્યારે તો કેવી ડાહી ડાહી વાતો કરતો હતો? તારા માટે હું આકાશના તારા તોડી લાવીશ, પણ ગુલાબનું ફૂલ અને એય મફતમાં બારોબાર કોઈકના ગાર્ડનના છોડમાંથી...! કોઈ દિવસ તેં મને પ્લેનમાં બેસાડી છે? બારોબાર કોઈને કોઈ રીતે મને ફ્લાઈટમાં બેસવા મળ્યું હોય એ જુદી વાત છે.” – અને વૈદેહી મયંકને તાકી રહી હતી. જાણે મયંક ઓગળવા માંડ્યો હતો.

ચેનલો પર જોવા મળતી હાઈ-ફાઈ લાઈફ સ્ટાઈલ અને ગ્લેમરથી ભરપુર ફેશન જોઈને શહેરી સમાજના ટ્રેન્ડ ઍન્ડ માઈન્ડસેટમાં ધરમૂળથી ચેન્જ જોવા મળી રહ્યો છે. એમાં જાતીય સ્વચ્છંદતા અને જિંદગી જીવવાની આઝાદી જેવા ફેક્ટર પણ ઉમેરાયાં છે. એવામાં લાગણી અને માગણી વચ્ચે ઘર્ષણ સર્જાય તો?

વૈદેહી અને મયંકની પહેલી મુલાકાત નવરાત્રિના દિવસોમાં એક ગરબા ઈવેન્ટમાં જ થઈ હતી. ચંચળ અને નખરાળી વૈદેહી જે ત્વરા અને ચપળતાથી ગરબે ઘૂમતી હતી એ જોઈને જાણે મયંક ફિદા ફિદા થઈ ગયો હતો.

“એક્સક્યુઝ મી, પ્લિઝ...?” એમ કહી કહીને એને બોલાવવા માટે બે-ત્રણ વાર ટ્રાય માર્યો હતો. પરંતુ વિશાળ કલબ લૉનમાં સ્ટીરિયોફૉનિક સાઉન્ડ સિસ્ટમમાં મયંકનો અવાજ એ છોકરીને કઈ રીતે સંભળાય?

ખેલંદા ફ્રેન્ડ્ઝ સાથે ઘૂમી રહેલા મયંકને દોસ્તોએ જ જાણે કે ઉશ્કેર્યો હતો કે “અલ્યા, આમ કરીશ તો એ ક્યાંથી સાંભળવાની હતી? પાસે જઈને એનો હાથ જ પકડી લે ને...”

– અને મયંકે બરાબર એમ જ કર્યું હતું. તેણે પેલી અજાણી યુવતીનો હાથ જ પકડી લીધો હતો અને ઈશારાથી બતાવ્યું હતું કે – આ તમારી ઓઢણીનો છેડો ધૂળમાં રગદોળાઈ રહ્યો છે. અચાનક કોઈ અજાણ્યા યુવાને કરેલી આ પ્રકારની હરકતથી છેડાઈ પડેલી એ યુવતીએ નીચે જોયું હતું, ઓઢણીનો છેડો સરખો કર્યો હતો અને તોફાની વીજળી જેમ ઝબુકી જાય એમ અજાણ્યા યુવાનના હાથને પોતાના એક હાથેથી પકડી લઈને તેની હથેળી ચુમી લીધી હતી અને ફરીથી ગરબે ઘુમવા લાગી ગઈ હતી.

> **મયંકની ઈમ્પ્રેસિવ લાઈફ સ્ટાઈલથી અંજાઈ જઈને તો વૈદેહીએ સામેથી મયંકને પ્રપૉઝ પણ કર્યું હતું અને સંબંધ આગળ વધતાં લવમેરેજ કરવાની પ્રપૉઝલ પણ આપી હતી. લવ એટ ફર્સ્ટ સાઈટ પછીના છ મહિનાની અંદર તો બેઉ પરણી પણ ગયાં હતાં. લાઈફની રિયાલિટી હવે સામે આવી હતી.**

મયંક તો કંઈક સમજે ના સમજે એ પહેલાં આ બધું જાણે કે આંખના પલકારામાં જ બની ગયું હતું. ગરબે રમતી યુવતીઓમાં પેલી યુવતી ક્યાંય અલોપ થઈ ગઈ હતી. મયંક ગરબાના વર્તુળમાંથી બહાર નીકળી ગયો હતો. એને તો હજુ કળ વળી નહોતી. એના દોસ્તો પણ ગરબે ઘુમતા આગળ નીકળી ગયા હતા. ગરબામાં કલબ ગ્રાઉન્ડ ઉપર પાંચેક હજારની જનમેદની હતી. મયંકની આંખો પેલી અજાણી યુવતીને શોધી જ રહી. લગભગ દોઢેક કલાક એ આમથી તેમ બહાવરો બનીને ઘુમતો જ રહ્યો, ત્યારે માંડ ફૂડ સ્ટૉલ્સ્ પાસેની ભીડમાં પેલી યુવતી તેને જોવા મળી ગઈ.

“માય નેમ ઈઝ મયંક શાહ, તમે તો મને રીતસરનો ગભરાવી જ મૂક્યો હતો. પછી તો તમે દેખાયા જ નહિ?” મયંક એ યુવતી પાસે પહોંચી ગયો હતો અને વાતચીત શરુ કરી હતી.

“યાહ, મારું નામ વૈદેહી છે, વૈદેહી મહેતા. ઈટ્સ માય સ્ટાઈલ... માય સ્ટાઈલ ઑલવેઝ ફેસિનેટિંગ યુ... ઈટ્સ મસ્તી કા ફંડા.... યુ નૉ?” એ અજાણી યુવતી રમતિયાળ આંખો નચાવતી બોલી હતી.

આ હતી વૈદેહી અને મયંકની પહેલી મુલાકાત અને એ પણ મધરાત બાદ. ઈન્ટ્રો થયા પછી બેઉ તરત જ ગરબા ગ્રાઉન્ડ છોડીને હાઈવે ઉપર લૉંગ-ડ્રાઈવ માટે નીકળી ગયા હતા.

મયંકની ઈમ્પ્રેસિવ લાઈફ સ્ટાઈલથી અંજાઈ જઈને તો વૈદેહીએ સામેથી મયંકને પ્રપૉઝ પણ કર્યું હતું અને સંબંધ આગળ વધતાં લવમેરેજ કરવાની પ્રપૉઝલ પણ આપી હતી. લવ એટ ફર્સ્ટ સાઈટ પછીના છ મહિનાની અંદર તો બેઉ પરણી પણ ગયાં હતાં. લાઈફની રિયાલિટી હવે સામે આવી હતી.

મયંકના લવમેરેજનું બહાનું આગળ ધરીને તેની સાવકી માએ ચઢવણી કરતા મયંકના પિતાએ તેને ઘરમાંથી જ કાઢી મૂક્યો હતો. બીજી તરફ વૈદેહીએ લવમેરેજનું ડિસિસન લીધું હોવાથી તેનાં મા-બાપે પણ તેની સાથેનો સંબંધ કાપી કાઢ્યો હતો. મયંકે બાપના દમ ઉપર લગ્ન પહેલાં વૈદેહીને પોતે બિઝનેસમેન છે, એમ કહ્યું હતું. પરંતુ લગ્ન પછી વૈદેહીને ખબર પડી હતી કે બિઝનેસ તો બાપનો હતો અને મયંક તો સામાન્ય જોબ જ કરી રહ્યો છે. હવે તો ભાડાનું મકાન અને લૉ સેલરીમાં ઘર ચલાવવાનું હોવાથી હાઈ-ફાઈ લાઈફ કે ફેશન તો ભુલી જ જવાની.

ચાર વર્ષની મેરેજ લાઈફમાં વૈદેહી એક દીકરાની મા પણ બની હતી. જે આજે હવે ત્રણ વર્ષનો થયો હતો. વૈદેહીએ એક દિવસ સામેથી મયંકને કહ્યું હતું કે પોતે હવે કોઈ જૉબ કરવા માગે છે. દીકરાને સાચવવાની ચિંતા નથી, કેમ કે હવે તે ત્રણ વર્ષનો થયો હોવાથી નર્સરી કે કે.જી.માં મૂકી શકાશે.

“એમાં મને તો શો વાંધો હોઈ શકે?” એમ કહીને મયંકે જાણે

અનુસંધાન પાના નં. ૭ પર

# બટરસ્કૉચ આઈસ્ક્રીમ...!! અપેક્ષાના ઑવરડૉઝમાં ઓગળતો આત્મવિશ્વાસ...!!




‘તું આને બટરસ્કૉચ આઈસ્ક્રીમ ખવડાવીશ! ખબર છે એનો કયો નંબર આવ્યો છે?’ પપ્પા, સ્કૂલના મેદાન પર જાહેરમાં જ એ નાનકડી છોકરીની મમ્મી પર તાડુક્યા. વાત જાણે એમ હતી કે, સ્કૂલનો વાર્ષિક સ્પોર્ટ્સ ડે ચાલુ હતો.

સ્પોર્ટ્સના ટીચરે વ્હીસલ મારી અને ટ્રેક પર ત્રીજા ધોરણના પચાસેક બાળકો દોડવાં લાગ્યાં. બધાંએ એક રાઉન્ડ મારીને પાછા આવવાનું હતું. પ્રથમ ત્રણ આવનારને ઈનામ આપવામાં આવશે એવી જાહેરાત થઈ હતી. એટલે બધા એક જ લક્ષ્ય સાથે આ ત્રણમાં આવવાં દોડતાં હતા.



ત્યાં હાજર રહેલા બાળકોના માબાપ પણ એટલા જ ઉત્સાહી હતા. અડધાં રાઉન્ડ પછી તો માબાપ ઊભાં થઈને એમનાં બાળકોને ચિયર્સઅપ કરતા હતા. ‘ભાગ... જલ્દી ભાગ... ફાસ્ટ... કમોન...’ જોરશોરથી થયેલા અવાજ બાદ પ્રથમ ત્રણ આવેલા બાળકોએ ખુશખુશાલ થતાં એમનાં માબાપ સામે હાથ હલાવી ખુશી લહેરાવી. ચોથા અને પાંચમાં નંબરના બાળકો જરા વધુ જ દુઃખી હતા કારણ થોડામાં એમનો નંબર ગયો હતો. કેટલાંકના માબાપ તો જબ્બર અકળાતાં હતા, કારણ એમનાં બાળકો છેલ્લાં દસમાં હતા. એમના બાળકોએ તો અડધેથી જ સ્પર્ધા છોડી દીધી હતી કારણ એમને ખબર હતી કે પહોંચાશે જ નહીં !

રેસ પતી ગઈ હતી. પાંચમા નંબરે આવેલી છોકરી ઉદાસ ચહેરા સાથે પોતાની મમ્મી તરફ દોડી ગઈ. મમ્મીએ સામે જઈને એને તેડી લીધી અને બોલી, ‘વેલડન બચ્ચું, વેલડન... ચલ બેટા કયાંક જઈને આઈસ્ક્રીમ ખાઈએ, બેટા તને કઈ ફલૅવરનો આઈસ્ક્રીમ ભાવશે ?’ અને આ વાત પર જ એના પપ્પા ભડક્યા હતા. પણ મમ્મીએ ચૂંપનો ઈશારો કરીને શાંત કરી દીધા.

‘પણ મમ્મી, મારો કયાં નંબર આવ્યો છે?’ દીકરીએ આશ્ચર્યથી પૂછ્યું.

‘આવ્યો છે બેટા, તારો પહેલો નંબર આવ્યો છે.’

‘ના મમ્મી, મારો તો પાંચમો નંબર આવ્યો છે.’

‘અરે બેટા, તારી પાછળ કેટલાં બાળકો હતા?’

‘મમ્મી, ૪૫ હતા.’

‘એનો મતલબ તું એ ૪૫ વિદ્યાર્થીઓ કરતાં આગળ હતી. એટલે તને આઈસ્ક્રીમ ઈનામમાં મળે કે નહીં?’

‘પણ, મારી આગળ ચાર વિદ્યાર્થી હતાં એનું શું?’ દીકરીએ એકદમ વ્યાજબી સવાલ પૂછ્યો.

‘એની સાથે તો તારી હરિફાઈ જ નહોતી. કેમ કે એમણે વધુ મહેનત કરી હતી. હવે આપણે ખૂબ પ્રેક્ટીસ કરીશું. આવતા વર્ષે તું ૪૮માં પ્રથમ આવીશ અને પછી ૫૦માં પ્રથમ, બરાબર ને ?’

‘શું મમ્મી એવું થઈ શકે?’

> બધો આધાર તેના ધારવા પર છે,
> અહીં તું જીતવા કે હારવા પર છે.
> ફરી હોડીને લ્યો ભરખી ગયો દરિયો,
> ફરી ઈલ્ઝામ એનો ખારવા પર છે!
> - હરેશ વડાવીયા

‘હા બેટા, એવું જ થઈ શકે. આપણી હરિફાઈ આપણી જાત સાથે જ છે. તારે તારાથી આગળ નીકળવાનું છે. હવે બોલ કયો આઈસ્ક્રીમ ખાવો છે?’

‘બટરસ્કૉચ આઈસ્ક્રીમ...’ અને ત્રણે જણાં આઈસ્ક્રીમ પાર્લર પહોંચ્યા, ત્યાં એમણે એમનાં મોટા દીકરાને પણ બોલાવી લીધો. બારમાંના પેપર થોડા ખરાબ ગયા હોવાથી એ પણ થોડા દિવસથી ઉદાસ હતો. આઈસ્ક્રીમનો ઓર્ડર તથા મમ્મી બોલી, ‘બેટા, તારે કઈ કહેવું છે?’

‘મમ્મી, આઈસ્ક્રીમ આવે ત્યાં સુધી મેં તેને વોટ્સએપમાં એક સ્ટોરી મોકલી છે, એ વાંચીને સંભળાવ ને ?’ અને એની મમ્મી દીકરાનો ઈશારો સમજી જતાં વાર્તા વાંચવી શરુ કરી....

‘એક છોકરો એના પિતા સાથે અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર વડોદરા જવા નીકળ્યો હતો. પપ્પા ગાડી ચલાવતા અને દીકરો બાજુની સીટ પર બેઠો હતો. પપ્પાને એમની અલ્ટો કાર ખૂબ પસંદ હતી. એ સાવચેતી પૂર્વક ૮૦ની ઝડપે કાર ચલાવતા હતા. થોડીવારમાં મારૂતિની સ્વિફ્ટ ડિઝાયર એમને ઑવરટેક કરીને જતી રહી.’

‘પપ્પા, જુઓ પેલી કાર આપણને પાછળ છોડી ગઈ.’ એ હજી વાત પતાવે ત્યાં તો એક હોન્ડા સિટીએ પણ સાઈડ કાપી લીધી.

‘પપ્પા તમે બહુ ધીમે ગાડી ચલાવો છો. થોડું એક્સિલેટર આપો અને કાર ભગાવો તો આપણે એ કારને ઑવરટેક કરી શકીએ.’

પપ્પાએ હસતા હસતા કહ્યું, ‘બેટા, એ શક્ય નથી કારણ આપણી કાર ૮૦૦ સીસીની છે અને ગાડીની કેપીસીટી વધુ છે. એટલે આપણે ગાડીનું લીવર ગમે તેટલું દબાવીએ તો પણ એને ઑવરટૅક કરી ન શકીએ.’

હજુ તો બાપ પેટાની વાત ચાલુ જ હતી ત્યાં એ મર્સિડીઝ કાર ઝૂપ કરીને આગળ નીકળી ગઈ. છોકરાને ફરી પપ્પાને કહ્યું, ‘તમે, આટલી ધીમેથી કાર ચલાવશો તો બીજી ગાડીઓ પણ આગળ નીકળી જશે. લીવર દબાવો અને ગાડી ભગાવો, મને તો લાગે છે કે તમને ફાસ્ટ ગાડી ચલાવતાં જ નથી આવડતું.’

‘પપ્પાએ થોડા ગુસ્સા સાથે જ કહ્યું, ‘બેટા, મેં તને કહ્યું તો ખરું કે જે ગાડીઓ આપણને ઓવરટેક કરીને આગળ જાય છે એમની એન્જિન કેપિસીટી વધુ છે. એટલે એ આગળ જાય એ સ્વાભાવિક છે. એની સાથે સ્પર્ધા ન થાય.’

પપ્પા દીકરાને આગળ કંઈ કહે એ પહેલા તો ડસ્ટર કાર એમને ઑવરટેક કરીને નીકળી ગઈ. દીકરો હવે સીટ પર ઉભડક બેસી ગયો અને પપ્પાને કહેવા લાગ્યો, ‘પપ્પા, હવે તમે સ્વીકારી લો કે તમને ગાડી ચલાવતા નથી આવડતી. એક બાર એક બધી કાર આપણને પાછળ છોડીને જઈ રહી છે. આપણે શું આ ઓવરટેક કરતી ગાડીઓને જ ગણ્યા કરવાની?’

અને પછી તો પપ્પા એના પર જોરથી તાડુકયા, ‘શું કયારનો ગાંડાની જેમ મંડયો છે. હું તને શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કરું છું. એમાં તને ભાન નથી પડતું ? તમે આપણાંથી આગળ ગયેલી કાર જ દેખાય છે. આપણે પણ ઘણી બધી કારને ઓવરટેક કરી જ છે ને ?’

જે ગાડીઓ આપણાંથી ઓછા કેપિસીટીનું એન્જિન ધરાવે છે એને આપણે ઓવરટેક કરે છે એ વધુ એન્જિન કેપિસીટીની કાર છે. એને ઓવરટેક કરવા આપણે ગમે તેટલું એક્સિલેટર દબાવીએ તો પણ એનાથી આગળ ન જ થઈ શકાય. ઉલ્ટાનું આપણી કાર જ બ્રેકડાઉન થઈ શકે.’

છોકરાઓ પપ્પાને વહાલ કરતાં કહ્યું, ‘પપ્પા, તમને જો આટલી ખબર પડે છે કે એક ગાડીની સરખામણી બીજી ગાડી સાથે ન થઈ શકે તો પછી મારી સરખામણી બીજા અતિ હોંશિયાર વિદ્યાર્થી સાથે કેમ કરો છો ? મને કેમ સતત ટોક ટોક કરો છો ? હું એમની સાઈડ કાપવા જઈશ તો મને પણ નુકસાન થઈ જ શકે છે ? તમને મારાથી આગળ ગયેલા વિદ્યાર્થી દેખાય છે, પણ હું પણ બીજા ઘણાં બધાંથી આગળ છું એ પણ જૂઓ ને ?’

મમ્મી વાર્તા વાંચી રહી ત્યાં આઈસ્ક્રીમ આવી ગયો હતો. પપ્પા જગ્યા પરથી ઊભા થઈ બાળકોને છાતી સરસા ચાંપી દીધાં. ‘મારી અપેક્ષા જ વધારે હતી. બાકી તમે કંઈ કોઈનાથી કમ થોડાં છો? ચાલો બંને ફટાફટ આઈસ્ક્રીમ ખાઈ લો...’ અને બંને એકસાથે બોલી ઊઠ્યા, ‘બટરસ્કૉચ આઈસ્ક્રીમ ને?’

**ચૂંટલો :**

ભગવાને દરેકના ઘરે જુદી જુદી ક્ષમતાવાળા સંતાનો આપેલાં છે. બીજાના બાળકો સાથે આપણાં સંતાનોની સરખામણી કરીને એની ક્ષમતા બહારની અપેક્ષા રાખીશું તો ઉલ્ટાનું આપણા સંતાનની કાર ખોટવાઈ જશે. આ વખતના રિઝલ્ટ વખતે મા-બાપનો વ્યવહાર જે નંબર અને જેટલા ટકા આવે તો પણ એક કપ બટરસ્કૉચ આઈસ્ક્રીમની ઑફર જેવો થવો જોઈએ, ખરું ને ?